પેજ 3

## અનુષ્કા-વિરાટે મુંબઈમાં રૂ 18.29 કરોડની કિંમતનું નવું વૈભવી ઘર ખરીદ્યું



મુંબઇ, તા. 28 : અનુષ્કા શર્મા અને વિરાટ કોહલીએ તેમની વૈભવી મિલકતોના સંગ્રહમાં વધુ એક ભવ્ય ઘર ઉમેર્યું છે. આ વખતે, તેમણે મુંબઈના વર્સોવા વિસ્તારમાં સમુદ્ર તરફનો એક વૈભવી એપાર્ટમેન્ટ ખરીદ્યો છે. પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજો અનુસાર, સ્ટાર દંપતીએ 12 જુલાઇના રોજ અંધેરી વેસ્ટના વર્સોવા વિસ્તારમાં સ્થિત પ્રીમિયમ પ્રોજેક્ટ ગોદરેજ સ્કાયશોરમાં રૂ. 18.29 કરોડમાં 2,644 ચોરસ ફૂટનો એપાર્ટમેન્ટ ખરીદીને નોંધણી ફી તરીકે 30,000 અને રૂ. 1.09 કરોડની સ્ટેમ્પ ડ્યુટી ચૂકવી હતી. તેમાં ત્રણ-કાર પાર્કિંગ અને 316 ચોરસ ફૂટનો વધારાનો વિસ્તાર પણ છે. મુંબઈ ઉપરાંત, કોહલી ગુરુગ્રામના DLF ફેઝ વનમાં 10,000 ચોરસ ફૂટનો એક ભવ્ય બંગલો પણ ધરાવે છે. સાથે જ આ દંપતિ અલીબાગ નજીક 8 એકર જમીન પર એક વૈભવી વિલાની માલિકી પણ ધરાવે છે.

## દેવ આનંદના પુત્ર અભિનેતા સુનીલ આનંદનું 70 વર્ષની વયે નિધન



મુંબઈ, તા. 28 : બોલિવૂડના દિગ્ગજ અભિનેતા દેવ આનંદના પુત્ર અભિનેતા સુનીલ આનંદનું 70 વર્ષની વયે લંડનમાં હાર્ટ એટેકના કારણે નિધન થયું છે. આ સમાચારની પુષ્ટિ દેવ આનંદની પૌત્રી અને સુનીલ આનંદની ભત્રીજી ગીના નારંગે કરી હતી. એક નિવેદનમાં નારંગે પરિવારના આ દુઃખના સમયમાં ગોપનીયતા જાળવી રાખવા માટે વિનંતી કરી હતી. નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, 'ભારે હૃદયે અમારો પરિવાર સુનીલ આનંદના અવસાન પર શોક વ્યક્ત કરે છે. લોકો તરફથી મળી રહેલા પ્રેમ, પ્રાર્થના અને સમર્થનથી અમને આશ્વાસન મળ્યું છે, જેના માટે અમે ખરેખર આભારી છીએ. આ મુશ્કેલ સમયમાં અમે પ્રાઇવસી જાળવી રાખવા માટે નમ્ર વિનંતી કરીએ છીએ.'

## સલમાન ખાન અસમ પૂરપીડિતોની મદદે, ફૂડ પેકેટ વહેંચ્યા



ગુવાહાટી, તા. 28 : અસમમાં તાજેતરના વર્ષોમાં આવેલા સૌથી ભયાનક પૂરમાંથી એકનો સામનો કરી રહેલા લોકોની મદદ માટે એક્ટર સલમાન ખાન આગળ આવ્યો છે. મુંબઈમાં ડિરેક્ટર વામશી પૈડીપલ્લીની આવનારી અનામી ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત હોવા છતાં સુપરસ્ટારે અસમમાં પોતાની ફેન ક્લબ સાથે મળીને રાહત કાર્યોમાં મદદ કરવાનું કામ કર્યું છે, એક રિપોર્ટ અનુસાર, સલમાન ખાનની ચેરિટેબલ સંસ્થા, 'બીઈંગ હ્યુમન'એ રાહત અભિયાન શરૂ કરવા માટે 'સલમાન ખાન ફેન ક્લબ' (એસકેએફસી) અસમ સાથે હાથ મિલાવ્યા છે. આ અભિયાનના પહેલા તબક્કામાં શિવસાગરના પરિવારોને રેડી-ટુ-ઈટ ખાવાના પેકેટ વહેંચવામાં આવી રહ્યા છે, જેને ગુવાહાટીથી મોકલવામાં આવી રહ્યા છે.

# ઉત્તર ભારતમાં વરસાદી તાંડવ : દિલ્હીમાં ભારે વરસાદથી જળબંબાકાર

**હિમાચલમાં** ભૂસ્ખલનમાં ડઝનથી વધુ વાહનો અને મકાનો દટાયા, ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા બે દિવસ સ્થગિત

**રાષ્ટ્રીય** રાજધાનીમાં ભારે વરસાદથી અનેક વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાતા ટ્રાફિક જામ

**ઓડિશામાં** ત્રણ દિવસથી થતાં ભારે વરસાદને કારણે ત્રણ મુખ્ય નદીઓએ ભયજનક સપાટી વટાવી



નવી દિલ્હી, તા. 28 : ઉત્તર ભારતના વિવિધ ભાગોમાં મંગળવારે ખાબકેલા ભારે વરસાદને કારણે હિમાલયી રાજ્યોમાં ભૂસ્ખલન અને અચાનક પૂરની સ્થિતિ સર્જાઈ છે, જ્યારે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ભારે વરસાદને કારણે જળબંબાકાર જેવી સ્થિતિથી જનજીવન થંભી ગયું છે.

હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં ભારે વરસાદને લીધે થયેલા ભૂસ્ખલનમાં ડઝનથી વધુ વાહનો અને અનેક મકાનો મલબા હેઠળ દબાઈ ગયાં છે, જોકે કોઈ જાનહાનિ થઈ નથી. રાજ્યમાં ૧૦૮ રસ્તાઓ બંધ થઈ ગયા છે, ૩૮ પાણી પુરવઠા યોજનાઓ અને ૯ ટ્રાન્સફોર્મર ખોરવાયાં છે. હવામાન વિભાગે ચંબા, કાંગડા, કલ્લૂ, મંડી, શિમલા, સિરમોર અને સોલનમાં ફ્લેશ ફ્લડનું એલર્ટ અને ૩૦ જુલાઈ તેમજ ૩ ઓગસ્ટ માટે 'ઓરેન્જ એલર્ટ' આપ્યું છે. ઉત્તરાખંડના પહાડી વિસ્તારમાં સતત વરસાદ અને ભૂસ્ખલનના કારણે શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને 'ચારધામ યાત્રા' મંગળવાર અને બુધવાર એમ બે દિવસ માટે સ્થગિત કરી દેવામાં આવી છે. હવામાન સુધર્યા બાદ જ યાત્રા ફરી શરૂ થશે.

આ તરફ દિલ્હીમાં ભારે વરસાદથી માર્ગો અને બજારોમાં ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં વિહંગમ ટ્રાફિક જામ સર્જાયો હતો. નોઈડાના સેક્ટર ૧૬ મેટ્રો સ્ટેશન નજીક ડિવાઈડર ધરાશાયી થતાં એક બાઈકચાલકને ઈજા પહોંચી હતી. પંજાબ અને હરિયાણામાં વરસાદથી ગરમીમાં રાહત મળી છે પરંતુ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. રાજસ્થાનમાં દક્ષિણ-પશ્ચિમ ભાગ પર સર્જાયેલી સાયક્લોનિક સિસ્ટમને કારણે આગામી બે દિવસમાં ભારે વરસાદની આગાહી છે. ડીપ ડિપ્રેશનના કારણે છેલ્લા ત્રણ દિવસથી થતા ભારે વરસાદથી ઉત્તર ઓડિશાની ત્રણ મુખ્ય નદીઓ ભયજનક સપાટીએ પહોંચતાં ચાર જિલ્લાઓમાં પૂરનું જોખમ ઊભું થયું છે.

## દહેરાદૂનમાં ભારે વરસાદ બાદ બ્રિજના નવા એપ્રોચ રોડમાં ભુવો પડ્યો



12 જુલાઈના રોજ જનતા માટે ખુલ્લો મુકાયેલા રોડ અને બ્રિજનું નિર્માણ રૂ. 16 કરોડમાં કરાયું હતું

દહેરાદૂન, તા. 28 (PTI) દહેરાદૂનના પ્રેમગરમાં ભારે વરસાદને પગલે મંગળવારે એક બ્રિજનો નવો બનાવવામાં આવેલા એપ્રોચ રોડમાં મોટો ભુવો પડ્યો હતો, જેના કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

12 જુલાઈના રોજ જનતા માટે ખુલ્લો મુકાયેલો એપ્રોચ રોડ મુશળધાર વરસાદને કારણે તે જ દિવસે બેસી ગયો હતો. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં કુદરતી આપત્તિ દરમિયાન અગાઉનો બ્રિજ ક્ષતિગ્રસ્ત થયા બાદ આ કામચલાઉ બ્રિજ બનાવવામાં આવ્યો હતો. રિપેર કરાયેલા બ્રિજ અને નવા બનેલા એપ્રોચ રોડનું નિર્માણ રૂ. 16 કરોડના કુલ ખર્ચે કરવામાં આવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, બ્રિજનું મુખ્ય માળખું સુરક્ષિત અને અકબંધ રહ્યું છે, પરંતુ મૂશળધાર વરસાદને કારણે એપ્રોચ રોડ નીચેની માટી ધોવાઈ ગઈ હતી, જેના કારણે તેનો એક ભાગ બેસી ગયો હતો.

માહિતી મળ્યા બાદ પોલીસ અને સ્થાનિક વહીવટીતંત્રે નંદા કી ચોકી ખાતે ટોન્સ નદી પર આવેલા બ્રિજ નિરીક્ષણ કર્યું હતું.

ટેક્નિકલ ટીમો, પોલીસ અને વહીવટી અધિકારીઓ સ્થળ પર હાજર છે અને ઝડપી ગતિએ સમારકામ હાથ ધરવામાં આવ્યું છે.

દહેરાદૂનના ડિસ્ટ્રિક્ટ મેજિસ્ટ્રેટ આશિષ ચૌહાણે પણ ટેક્નિકલ એન્જિનિયરોની ટીમ સાથે સ્થળની મુલાકાત લીધી હતી અને અધિકારીઓને શક્ય તેટલી વહેલી તકે રસ્તો પૂર્વવત કરવાનો નિર્દેશ આપ્યો હતો.

# વ્હાઈટ હાઉસમાં બેઠક યોજાય તે પહેલા ટ્રમ્પે નેતાન્યાહુની ટીકા કરી

**યુક્રેનના** પ્રમુખ ઝેલેન્સ્કી પણ ટ્રમ્પ સાથે વ્હાઇટ હાઉસમાં બેઠક કરશે

વૉશિંગ્ટન, જેરૂસલેન, તા. 28 (AP): ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે મંગળવારે યોજાઈ રહેલી બેઠક, બંને નેતાઓ દ્વારા ઈરાન સામે સંયુક્ત યુદ્ધ શરૂ કર્યા પછીની પ્રથમ બેઠક છે તે નેતન્યાહુ માટે તેમના સંબંધોમાં આવેલી ખટાશને દૂર કરવાની એક તક સમાન છે.

આ બેઠક એવા સમયે થઈ રહી છે જ્યારે બંને નેતાઓ પોતપોતાના દેશમાં વધતા દબાણનો સામનો કરી રહ્યા છે. નેતન્યાહુ ફરીથી ચૂંટણી લડી રહ્યા છે અને ટ્રમ્પ સાથેના તેમના કથળતા સંબંધોને કારણે મુશ્કેલીમાં મુકાયા છે. બીજી તરફ, આગામી નવેમ્બરમાં યોજાનારી મધ્યસત્ર ચૂંટણીઓ પહેલા ટ્રમ્પ પર આ અપ્રિય યુદ્ધનો અંત લાવવાનું ભારે દબાણ છે, જેણે આર્થિક તારાજી સર્જી છે અને મોંઘવારી વધારી છે. ટ્રમ્પે મંગળવારે તેમની મુલાકાત પહેલાં જ નેતન્યાહુ સામેનો પોતાનો અસંતોષ વ્યક્ત કર્યો હતો.

# લગ્નનું દબાણ કરતી ગર્લફ્રેન્ડને બાઇક સાથે ઢસડી : વીડિયો વાયરલ થયો



નાલંદા, તા. ૨૮ : બિહારના નાલંદા જિલ્લાનો એક ચોંકાવનારો વીડિયો વાયરલ થયો છે, જેમાં એક યુવતી તેની સાથે લગ્ન કરવા માટે દબાણ કરે છે અને તે ના પાડે છે, ત્યાર બાદ તેના બોયફ્રેન્ડ દ્વારા ચલાવવામાં આવતી બાઈક પાછળ યુવતીને લગભગ ૧૦૦ મીટર સુધી ઢસડવામાં આવે છે અને યુવતી મદદ માટે બૂમો પાડી રહી છે.

રાહદારી દ્વારા રેકોર્ડ કરાયેલા આ વીડિયોમાં જોવા મળે છે કે, યુવતી મોટરસાઈકલને સખત રીતે પકડી રાખવાનો પ્રયાસ કરે છે, પરંતુ યુવક રોકાવાને બદલે ઝડપથી બાઈક હંકારી મૂકે છે, જેનાથી યુવતી રસ્તા પર પટકાય છે, જ્યારે સ્થાનિક લોકો સ્તબ્ધ થઈને જોઈ રહે છે.

# PoKમાં ચૂંટણીના દિવસે JAACની કૂચ પર પોલીસ ગોળીબારમાં 14નાં મોત

**JAACના** દાવા પ્રમાણે તેના અન્ય બે ડઝનથી વધુ કાર્યકરોને ઇજા થઇ છે : પાકિસ્તાની સરકારે આ દાવાને શંકાસ્પદ ગણાવ્યા

**PoK** વિધાનસભા ચૂંટણીના બહિષ્કારનું એલાન JAACએ આપ્યું હતું, 24 કલાકના તોફાનોમાં કુલ 20નાં મોતનાં અહેવાલ



ઈસ્લામાબાદ, તા. 28: પાકિસ્તાન અંકુશ હેઠળના કાશ્મીર (PoK)માં કહેવાતી ધારાસભાની ચૂંટણીના પ્રથમ તબક્કા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવતી એજન્સીઓ સાથેની હિંસક અથડામણમાં પ્રતિબંધિત 'જોઈન્ટ અવામી એક્શન કમિટી'(JAAC)ના ઓછામાં ઓછા 14 કાર્યકરો માર્યા ગયા છે અને બે ડઝનથી વધુ ઘવાયા છે, એવો દાવો સંસ્થાએ મંગળવારે કર્યો હતો.

જો કે, આ વિસ્તારના કાયદા અમલીકરણ સત્તાવાળાઓએ મૃત્યુઆંક અંગે અસંમતિ દર્શાવી હતી અને JAACના દેખાવકારો પર સુરક્ષાકર્મીઓ પર ગોળીબાર કરવાનો આરોપ લગાવ્યો હતો. કહેવાતી ક્ષેત્રીય ધારાસભાની 12 વિવાદાસ્પદ બેઠકોને લઈને JAAC છેલ્લા એક મહિનાથી PoKમાં વિરોધ પ્રદર્શનો કરી રહ્યું છે. સંસ્થાનો આરોપ છે કે પાકિસ્તાની સત્તાધીશો પોતાની પસંદગીના વડાપ્રધાનને બેસાડવા માટે આ બેઠકોમાં ગેરરીતિઓ આચરે છે.

સોમવારે જ્યારે 13 બેઠકો પર પ્રથમ તબક્કાનું મતદાન થઈ રહ્યું હતું, ત્યારે JAAC એ રાવલાકોટથી પ્રાદેશિક રાજધાની મુઝફ્ફરાબાદ તરફ 'લોંગ માર્ચ' યોજી હતી. JAACએ દાવો કર્યો હતો કે જ્યારે સુરક્ષા દળોએ લોંગ માર્ચમાં ભાગ લેનારાઓ પર ગોળીબાર કર્યો ત્યારે તેના કાર્યકરો માર્યા ગયા હતા. જો કે, આ પાર્ટીના દાવાની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ શકી નથી. JAAC કોર કમિટીના સભ્ય આબિદ શાહીને બીબીસીને જણાવ્યું હતું કે સોમવારે થયેલી અથડામણમાં લગભગ એક ડઝન કાર્યકરો માર્યા ગયા હતા અને 20થી વધુ ઘાયલ થયા હતા.

## બળાત્કારીઓના સંરક્ષકને શિક્ષણમંત્રી બનાવાયા છે : રાહુલ ગાંધી

નવી દિલ્હી, તા. 28(PTI): કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ મંગળવારે પ્રહલાદ જોશીને "બળાત્કારીઓના રક્ષક" અને "ગંદા માણસ" ગણાવ્યા હતા અને આવા વ્યક્તિને દેશના શિક્ષણ મંત્રી બનાવવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કર્યા હતા. સંસદ બહાર પત્રકારો સાથે વાત કરતા લોકસભામાં વિપક્ષના નેતાએ કહ્યું કે, વડાપ્રધાન તેમના કેબિનેટમાંથી કોઈપણ વ્યક્તિને શિક્ષણ મંત્રી તરીકે પસંદ કરી શક્યા હોત, પરંતુ તે આશ્ચર્યજનક છે કે તેમણે એવી વ્યક્તિને પસંદ કરી જે "બળાત્કારીઓનો બચાવ કરે છે".

ગાંધીએ પત્રકારોને જણાવ્યું હતું કે, ભારતના શિક્ષણ મંત્રી - આટલા બધા યુવાનો શિક્ષણ વ્યવસ્થા અંગે વિરોધ કરી રહ્યા હતા અને ઘણી યુવતીઓ વિરોધ કરી રહી હતી અને તેમને માર મારવામાં આવ્યો હતો અને પીટવામાં આવી હતી, તે પછી પણ ભાજપ એવા માણસને મૂકે છે જે બળાત્કારીઓનો બચાવકર્તા છે.




## કર્ણાટકમાં પત્નીને ફાંસીએ લટકાવી પતિએ સાસરિયાઓને વીડિયો કોલ કર્યો

બાગલકોટ (કર્ણાટક), તા. 28 (PTI) પરપુરુષ સાથેના આડાસંબંધોની શંકા રાખીને પત્નીની કથિત રીતે હત્યા કરવાના આરોપસર બાગલકોટ જિલ્લામાં એક 29 વર્ષીય પુરુષની ધરપકડ કરવામાં આવી છે. એમ મંગળવારે પોલીસે જણાવ્યું હતું. તેણે કથિત રીતે પીડિતા જ્યારે ફાંસીના ફંદા પર લટકી રહી હતી ત્યારે તેની અંતિમ ક્ષણોનો વીડિયો રેકોર્ડ કરીને તેને મિત્રો અને પરિવાર સાથે શેર કર્યો હતો. તેણે તેના માતાપિતાને તેમની પુત્રીની લાચારી બતાવવા માટે વીડિયો કોલ પણ કર્યો હતો. પીડિતાની ઓળખ ભાગ્યશ્રી જિગાલુર અને આરોપી પ્રવીણ જિગાલુર તરીકે થઈ છે. આ ઘટના રવિવારે સાંજે કર્ણાટકના બાગલકોટ જિલ્લામાં બની હતી. પોલીસે જણાવ્યા અનુસાર, સોમવારે સાંજે બિલગી તાલુકાના ગલગલી ગામમાં આવેલા દંપતીના ઘરેથી 23 વર્ષીય ભાગ્યશ્રી જીગલુર નામની મહિલા મૃત હાલતમાં મળી આવી હતી. પોલીસે મૃતક મહિલાના પિતા દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદના આધારે તેના પતિ પ્રવીણ અશોક જીગલુર સામે હત્યાનો કેસ નોંધ્યો છે. પોલીસે જણાવ્યું કે, આરોપીની હત્યાના આરોપસર ધરપકડ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા મુજબ, આરોપીએ કથિત રીતે તેની પત્ની ફાંસીના ફંદા પર લટકીને તરફડી રહી હતી તે સમયની અંતિમ ક્ષણોનો વીડિયો રેકોર્ડ કર્યો હતો, ત્યારે તેણે તેના માતાપિતાને વીડિયો કોલ પણ કર્યો હતો, જેના કારણે તેઓ તેમની પુત્રીના મૃત્યુના સાક્ષી બન્યા હતા. બાદમાં તેણે વીડિયોને તેના પરિજનો સહિત અનેક લોકોને વાયરલ કર્યો હતો.


### ઉમરગામ નગરપાલિકા
### ટેન્ડર નોટીશ

ઉમરગામ નગરપાલિકા દ્વારા નીચેના કામો માટે ઓન લાઇન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે. જેની વિગતો www.tender.nprocure.com તા. ૩૦-૦૭-૨૦૨૬ના રોજ થી તા.૧૧-૦૮-૨૦૨૬ ના રોજ ૧૭:૦૦ કલાક સુધી ભરી શકાશે.

| અ. નં | કામનું નામ | (૧) અંદાજીત ખર્ચ (૨) ઇ.એમ.ડી. (૩) ટેન્ડર ફી (૪) ક્લાસ (૫) ગ્રાન્ટ નો હેડ |
|---|---|---|
| ૧ | ઉમરગામ નગરપાલિકાના વોર્ડ નં.૫ માં દહેરી મેઇન રોડ થી કામરવાડ તળાવ સુધી આર.સી.સી. રોડ બનાવવાનું કામ. | ૨૪,૬૮,૨૪૪.૦૦<br>૨૫,૦૦૦.૦૦<br>૯૦૦.૦૦<br>"ઇ" ક્લાસ<br>૧૫મું નાણાપંચ (અનટાઇડ) ૨૦૨૩-૨૪ |
| ૨ | ઉમરગામ નગરપાલિકા વિસ્તારમાં અકામારૂતી વોટરવર્ક્સ ડેવલોપમેન્ટનું કામ. | ૧૬,૧૮,૭૦૦.૦૦<br>૧૬,૦૦૦.૦૦<br>૯૦૦.૦૦<br>"ઇ" ક્લાસ<br>સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના ૨૦૨૩-૨૪(બચત રકમ) |

નોંધ :- બાનાની રકમ તથા ટેન્ડર ફીનો ડી.ડી. અને જરૂરી ડોક્યુમેન્ટ તા.૧૬-૦૮-૨૦૨૬નાં રોજ બપોરે ૧૬:૦૦ કલાક સુધીમાં નગરપાલિકા કચેરીએ રજી.પોસ્ટ એડી/ કુરીયર થી પહોંચતા કરવાના રહેશે. તેમજ સ્કેન કોપી ટેન્ડર સાથે અપલોડ કરવાની રહેશે. ટેન્ડર ઓપન કરવાની (સંભવિત) તા.૧૭-૦૮-૨૦૨૬ના રોજ ૧૧:૦૦ કલાક રહેશે. ટેન્ડરનાં તમામ હક્કો નગરપાલિકાને અબાધિત રહેશે.

નોંધ :- ઠેકેદારે પોતાનો ઇ.પી.એફ. નંબર ફરજીયાત લખવાનો રહેશે. જેની નકલ ડોક્યુમેન્ટ સાથે જોડવાની રહેશે. સરકારશ્રીનાં નિયમ મુજબ જી.એસ.ટી. લાગું પડશે.

ગૌરવભાઇ સી. કોન્ટ્રાક્ટર, કારોબારી ચેરમેન, ઉમરગામ નગરપાલિકા | ખુશ્બુબેન એસ. જાદવ, પ્રમુખ, ઉમરગામ નગરપાલિકા | એ. એચ. સિન્હા, ચીફ ઓફીસર, ઉમરગામ નગરપાલિકા

નં. માહિતી/વલસાડ/૨૮૨/૨૦૨૬



### ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
### ઈ- ટેન્ડરીંગ જાહેર નિવિદા નં.૦૭ સને ૨૦૨૬-૨૦૨૭
### (ટેન્ડર આઈ ડી નં.૩૨૮૧૮૫)

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, જલભવન, પહેલો માળ, અડાજણ પાણીની ટાંકી સુરત (ફોન નં. ૦૨૬૧-૨૭૮૨૦૮૮) કચેરી દ્વારા પા.પુ.બોર્ડ/મા.અનેમ./ સિંચાઇ ખાતામાં "ઇ-૧ કલાસ તથા ઉચ્ચ શ્રેણીમાં નોધાયેલ ઠેકેદારશ્રી પાસેથી ઈ-ટેન્ડરીંગ પધ્ધતીથી સિંગલ બીડથી (૧) ઇમરજન્સી વર્ક સુરત જીલ્લાનાં અંબિકા તાલુકાની ઉમરા જુથ પા.પુ. યોજના અંતર્ગત અતિ ભારે વરસાદને લીધે અંબિકા નદી, ઓલણ નદી અને વહેવલ ખાડીમાં નુકશાન થયેલ પાઇપલાઇનના ઇમરજન્સી રીસ્ટોરેશન કામગીરીના કામ કરવા બાબતનું કુલ એક (૦૧) કામની અંદાજીત રકમ રૂ.૧૭,૨૮,૦૩૪/- ના ઓનલાઈન ભાવો માંગવામાં આવે છે. ઉક્ત બાનાની રકમ/ ટેન્ડર ફી તથા કામની અન્ય વિગતો ઉપરોક્ત સરનામે રૂબરૂ અથવા ફોન દ્વારા તેમજ વેબસાઈટ http://gwssb.nprocure.com ઉપર જોઈ શકાશે. ટેન્ડર ઓનલાઈન સબમીશનની છેલ્લી તા. ૩૦/૦૭/૨૦૨૬ ના ૧૬:૦૦ કલાક સુધીની રહેશે. ટેન્ડર આર.પી.એ.ડી, સ્પીડપોસ્ટ તેમજ હાથોહાથ સબમીટ તા. ૩૧/૦૭/૨૦૨૬ ના ૧૬:૦૦ કલાક સુધી રહેશે. કોઇ પણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઇ પણ કારણ દર્શાવ્યા સિવાય રદ કરવાનો અધિકાર આ કચેરીને અબાધિત રહેશે. તમામ કામોની ટેન્ડર નોટીસ અને ટેન્ડર ડોક્યુમેન્ટ/સુધારા કે કોઇપણ ફેરફાર ફક્ત વેબસાઇટ ઉપર મુકવામાં આવશે.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો હેલ્પલાઇન નંબર ૧૯૧૬ ઉપર જનતાએ સંપર્ક કરવા અનુરોધ છે.

કાર્યપાલક ઇજનેર, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, સુરત.

ક્રમાંકઃ માહિતી-સૂરત/૪૨૩/૨૦૨૬



### જાહેર નિવિદા નં. ૪૭/૨૦૨૫-૨૬ (ત્રીજો પ્રયત્ન)

ગુજરાત રાજ્યના નામદાર રાજ્યપાલશ્રી વતી ડી.પી.આઈ.યુ. અને કાર્યપાલક ઈજનેર, ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવા જિ. ડાંગ ફોન નં (૦૨૬૩૧) ૨૨૦ ૩૩૬ દ્વારા ડાંગ જિલ્લાના ટી.એ.એસ.પી.૨૦૨૫-૨૬ યોજના અંતર્ગત નીચે મુજબના કામ માટે ઓનલાઈન ઈ-ટેન્ડરમાં જણાવ્યા મુજબના રજીસ્ટર્ડ ઈજારદારશ્રીઓપાસેથી ભાવો માંગવામાં આવે છે. આ કામોની ઈ-ટેન્ડરની સંપૂર્ણ વિગતો વેબ સાઈટ "http://tender.nprocure.com" ઉપર થી જોવા મળશે.

(૧) જરૂરી દસ્તાવેજો સ્કેન કરીને મુકવાના રહેશે.

(૨) દરેક દસ્તાવેજોની હાર્ડ કોપી તથા ટેન્ડર ફી, એફ.ડી.આર., આર.પી.એડી. થી કાર્યપાલક ઇજનેરશ્રી ડાંગ પંચાયત (મા*મ) વિભાગ આહવાની કચેરી જિલ્લા પંચાયત ભવન આહવા-ડાંગને સબમીશનની છેલ્લી તારીખ થી દિન-૦૭ સુધીમાં પહોચતા કરવાના રહેશે.

(૩) સોલવંશી સર્ટિફીકેટ તાજેતરના કેલેન્ડર વર્ષ-૨૦૨૬નું માન્ય રાખવામાં આવશે.

| | |
|---|---|
| ઓનલાઈન ટેન્ડર જોવાની તારીખ | ૨૮/૦૭/૨૦૨૬ |
| ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ અને સમય | ૩૦/૦૮/૨૦૨૬, ૧૮.૦૦ કલાક |
| બીડ ખોલવાની તારીખ | ૩૦/૦૮/૨૦૨૬, ૧૮.૧૦ કલાક |

| ક્રમ | કામનું નામ | રકમ રૂ. લાખમાં | ટેન્ડર ફી |
|---|---|---|---|
| ૧ | કન્સ્ટ્રકશન ઓફ કાકશાળા વિલેજ મેઇન રોડ ટુ હોન્યાભાઇના ઘર તરફ જતો રસ્તો (ચે.૦/૦ ટુ ૧/૦૦) તા.સુબીર જી.ડાંગ | ૪૦.૯૨ | ૧૫૦૦/- |
| ૨ | કન્સ્ટ્રકશન ઓફ બિલીઆંબા વિલેજ ગાય ગોઠણથી તાપી જિ.બોર્ડર સુધી રોડ તા.સુબીર જી.ડાંગ | ૩૯.૮૭ | ૧૫૦૦/- |

કામોના ટેન્ડર દસ્તાવેજો ફક્ત ઈલેક્ટ્રોનીક ફોરમેટમાં જ જોવા મળશે અને વેબસાઈટ "http://tender.nprocure.com" પરથી ડાઉનલોડ કરી શકાશે.

કાર્યપાલક ઈજનેર, ડાંગ પંચાયત (મા*મ) વિભાગ, આહવા

ક્રમાંક/માહિતી/ડાંગ/ ૬૨ /૨૦૨૬.



### મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

Muthoot Homefin

કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નં. 19-એનઈ, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ નજીક, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર - 400 028

કબજા નોટિસ (સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8(1) સાથે વંચાણે લેતા પરિશિષ્ટ IV મુજબ)

જેમ કે, 'સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 (2002નો 54)' હેઠળ મૂથૂટ હોમફિન (ઇન્ડિયા) લિમિટેડ (MHIL)ના અધિકૃત અધિકારી તરીકે અધોહસ્તાક્ષરકર્તાએ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3 સાથે વંચાણે લેતા કલમ 13(12) હેઠળ મળેલી સત્તાઓની રૂએ નીચે જણાવેલ ઉધારકર્તા(ઓ)/ જામીનદાર(ઓ)ને સદર નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ ભરપાઈ કરવા ડિમાન્ડ નોટિસ પાઠવેલ હતી. ઉધારકર્તા રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ રહ્યા હોવાથી ઉધારકર્તા(ઓ)/સહ-ઉધારકર્તા(ઓ)/જામીનદાર(ઓ) અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, અધોહસ્તાક્ષરકર્તાએ સદર એક્ટની કલમ 13(4) અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 હેઠળ તેમને મળેલી સત્તાઓની રૂએ નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે.ખાસ કરીને ઉધારકર્તાને અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આ મિલકત અંગે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડના નીચે જણાવેલ વ્યાજ સહિતના બોજા/લેણાં રકમને આધીન રહેશે.

સુરક્ષિત અસ્કયામતો (મિલકત) છોડાવવા માટે ઉપલબ્ધ સમય સંદર્ભે એક્ટની કલમ 13ની ઉપ-કલમ (8)ની જોગવાઈઓ તરફ ઉધારકર્તાનું ધ્યાન દોરવામાં આવે છે.

| અનુ. નં. | ઉધારકર્તા/સહ-ઉધારકર્તાનું નામ/ લોન એકાઉન્ટ નં./શાખા | સુરક્ષિત અસ્કયામત (મિલકત) વિગત | ડિમાન્ડ નોટિસની તારીખ અને કુલ બાકી લેણી રકમ (રૂ.) | કબજો લીધા તારીખ |
|---|---|---|---|---|
| 1. | શ્યામધારી બેદીભાઈ પાલ / ઈન્દ્રાવતીદેવી શ્યામધારી પાલ / 004-00000661 / સુરત | "સિદ્ધવિનાયક રેસિડેન્સીમાં બાંધકામ ક્ષેત્રફળ 47.12 ચો.મી. ધરાવતો પ્રથમ માળે આવેલ ફ્લેટ નં. 101, તથા જમીનમાં 11.49 ચો.મી.નો અવિભાજ્ય હિસ્સો.જે રેવન્યુ સર્વે નં. 23/1, 29/1, બ્લોક નં. 90 (ક્ષેત્રફળ 0-68-80 હેક્ટર આરે ચો.મી.), કે.જે.પી. નં. 90/2/B મુજબ પૈકી પ્લોટ નં. 2 (ક્ષેત્રફળ 460.26 ચો.મી.), મોજે ગામઃ સાયણ, તાઃ ઓલપાડ, જીઃ સુરત ખાતે આવેલી છે.ચતુર્સીમાઃ ઉત્તરેઃ ફ્લેટ નં. 102, દક્ષિણેઃ અડીને આવેલી મિલકત, પૂર્વેઃ પેસેજ, પશ્ચિમેઃ OTS. | 24-એપ્રિલ-2026 / રૂ. 3,43,097/- (રૂપિયા ત્રણ લાખ તેતાલીસ હજાર સત્તાણું પૂરા) | 27-Jul-2026 |

તારીખઃ 29 જુલાઈ, 2026
સ્થળઃ સુરત

સહી/- અધિકૃત અધિકારી, મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ



### વેસ્ટર્ન રેલવેએ વિવિધ સ્પેશિયલ ટ્રેનોના ફેરા લંબાવ્યા

| ટ્રેન નં. | ક્યાંથી | ક્યાં સુધી | દોડવાનો દિવસ | ક્યાં સુધી લંબાવવામાં આવી |
|---|---|---|---|---|
| 09005 | બાંદ્રા ટર્મિનસ | ભિવાની | બુધવાર | 26.08.2026 |
| 09006 | ભિવાની | બાંદ્રા ટર્મિનસ | ગુરુવાર | 27.08.2026 |
| 09001 | મુંબઈ સેન્ટ્રલ | ભિવાની | મંગળવાર, શુક્રવાર | 28.08.2026 |
| 09002 | ભિવાની | મુંબઈ સેન્ટ્રલ | બુધ, શનિ | 29.08.2026 |
| 09185 | મુંબઈ સેન્ટ્રલ | કાનપુર અનવરગંજ | રવિવાર | 30.08.2026 |
| 09186 | કાનપુર અનવરગંજ | મુંબઈ સેન્ટ્રલ | સોમવાર | 31.08.2026 |
| 09424 | અમદાવાદ | મંગલુરુ જં. | શુક્રવાર | 28.08.2026 |
| 09423 | મંગલુરુ જં. | અમદાવાદ | શનિવાર | 29.08.2026 |
| 09093 | ઉધના | અયોધ્યા કેન્ટ | શુક્રવાર | 28.08.2026 |
| 09094 | અયોધ્યા કેન્ટ | ઉધના | શનિવાર | 29.08.2026 |
| 09097 | ઉધના | અયોધ્યા કેન્ટ | મંગળવાર | 25.08.2026 |
| 09098 | અયોધ્યા કેન્ટ | ઉધના | બુધવાર | 26.08.2026 |
| 09033 | ઉધના | માલદા ટાઉન | ગુરુવાર | 27.08.2026 |
| 09034 | માલદા ટાઉન | ઉધના | રવિવાર | 30.08.2026 |

હાલ્ટનો સમય અને ટ્રેનની સંરચના અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લો.

ટ્રેન નંબર 09005, 09001, 09185, 09424, 09093, 09097 અને 09033ના લંબાવવામાં આવેલા ફેરા માટેનું બુકિંગ 29.07.2026થી તમામ PRS કાઉન્ટરો પર અને IRCTC વેબસાઇટ પર શરૂ થશે. ઉપર દર્શાવેલ ટ્રેનો સ્પેશિયલ ભાડા સાથે સ્પેશિયલ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે

wr.indianrailways.gov.in
અમને લાઇક કરો અને ફોલો કરો.
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે ઓરિજિનલ ID પ્રૂફ સાથે રાખો